**તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫૦ | ૨ માર્ચ, ૨૦૧૬, બુધવાર ; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ગોલ્ડ ટેક્સને લઇને જ્વેલર્સ હડતાળ પર
- ઉત્તરપ્રદેશમાં વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી થશે
- યાત્રીઓ માટે બેકઅપ ટ્રેન દોડાવવાની રેલવેની તૈયારી
- આઇએસ સાથે સંબંધ બદલ ૨૪ શખ્સોની ધરપકડ કરાઇ
- જેએનયુ વિવાદમાં ખાલિદ હવે જ્યુડિશિયલ કસ્ટડીમાં
- ભારત-પાકિસ્તાન મેચ પર હવે સંકટના વાદળ
- વ્યાજદરમાં કાપની આશા વચ્ચે સેંસેક્સ ૭૭૭ પોઇન્ટ ઉછળ્યો
- પઠાણકોટ હુમલામાં નોન સ્ટેટ એક્ટર્સની સંડોવણી : પારીકર
- દેશદ્રોહના કાયદામાં સુધારા કરવા માટે પ્રક્રિયા શરૂ કરાઇ

# પીપીએફ પર નહીં, ઈપીએફ પર ટેક્સ

**ભારે હોબાળો થયા બાદ બજેટના એક દિવસ બાદ સ્પષ્ટતા : પીપીએફ રકમ ઉપાડવા પર પહેલાની જેમ ટેક્સ મુક્તિ : ઇપીએફની ૬૦ ટકા ઉપાડ પર ટેક્સ :૧૫૦૦૦થી ઓછો પગાર ધરાવનારને ટેક્સ નહીં**



નવીદિલ્હી,તા. ૧

કેન્દ્રિય બજેટ બાદ પગારદાર વર્ગમાં પ્રવર્તી રહેલી દહેશતને દુર કરવાના પ્રયાસરૂપે સરકારે આજે સ્પષ્ટતા કરી હતી. સરકારે સ્પષ્ટતા કરતા કહ્યુ હતુકે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ)ની રકમ ઉપાડી લેતી વેળા પહેલાની જેમ જ ટેક્સ રાહતો જારી રહેશે. સાથે સાથે પહેલી એપ્રિલ ૨૦૧૬ બાદ ઈપીએફની ૬૦ ટકા રકમના ઉપાડ પર ટેક્સ લાગુ થશે. તેનીહદમાં ૧૫ હજારથી ઓછી આવક ધરાવનાર લોકોને સામેલ કરવામાં આવ્યા નથી. ઈપીએફમાં ૧૫ હજારના પગાર ધરાવનારના કોઈ ટેક્સ કપાશે નહી. નાણાં પ્રધાન અરૂણ જેટલી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટેનુ સામાન્ય બજેટ ગઈકાલે રજૂ કર્યુ હતુ. બજેટમાં પહેલી એપ્રિલ ૨૦૧૬થી ઈપીએફ, પીપીએફ અને નેશનલ પેન્સન સ્કીમમાંથી ઉપાડવામાં આવતી રકમના ૬૦ ટકા હિસ્સા પર ટેક્સ લાગુ કરવાની દરખાસ્ત અંગે નાણાં મંત્રાલય દ્વારા આજે ખુલાસો કરવામાં આવ્યો હતો. રેવેન્યુ સેક્રેટરી હસમુખ અઢિયાએ કહ્યુ હતુ કે પીપીએફમાંથી રકમના ઉપડા પર પહેલાની જેમ જ ટેક્સ છુટછાટ જારી રહેશે. સાથે સાથે તેમણે કહ્યુ હતુ કે પહેલી એપ્રિલ ૨૦૧૬ બાદથી ઈપીએફમાં જમા કરવામાં આવેલી રકમની ૬૦ ટકા રકમના ઉપાડ પર ટેક્સ લાગુ થશે. જેમાં ૧૫ હજાર રૂપિયાથી ઓછી આવક ધરાવનાર

● અનુસંધાન પાન-૭ પર

# બિનસબસિડીવાળા સિલિન્ડર કિંમત ૬૧.૫૦નો ઘટાડો

**ભાવમાં ઘટાડો તાત્કાલિક ધોરણે અમલી કરાયો : સબસિડીવાળા સિલિન્ડરની કિંમતમાં નવ પૈસાનો ઘટાડો થયો : પેટ્રોલમાં ઘટાડો થયા બાદ ગેસમાં થયેલો ઘટાડો**



નવીદિલ્હી,તા. ૧

બજેટના એક દિવસ બાદ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ બિન સબસિડીવાળા સ્થાનિક એલપીજી સિલિન્ડરની કિંમત ૬૧.૫૦ રૂપિયાનો મોટો ઘટાડો કર્યો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, નવી દિલ્હીમાં આજથી અગાઉના ૫૭૫ રૂપિયાની સરખામણીમાં ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડર ૫૧૩.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. તાત્કાલિક ધોરણે કિંમતો લાગૂ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઈશરત કેસની ફાઈલમાં ફરીથી ચકાસણી

**ઇશરત એફિડેવિટ માટે પિલ્લાઇ પણ જવાબદાર : ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટમાં દાખલ થનાર એફિડેવિટમાં ફેરફાર કર્યા હતા તેવા પિલ્લાઇના દાવા બાદ ફરી તપાસ**

નવી દિલ્હી,તા. ૧

કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર અને રાજકીયરીતે સંવેદનશીલ બની ગયેલા ઈશરત જહા એન્કાઉન્ટર કેસમાં રહેલી ફાઈલોમાં ફરી તપાસ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી કેટલીક નવી વિગતો પણ આ મામલે ખુલી શકે છે. મંત્રાલયને આ તપાસ કરવા પાછળ કેટલાક કારણો આપ્યા છે. પૂર્વ ગૃહ સચિવ જીકે પિલ્લાઈએ હાલમાં દાવો કર્યો હતો કે પૂર્વ કન્દ્રિય પ્રધાન પી. ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવનાર એફિડેવિટમાં એ વખતે ફેરફાર કર્યા હતા. પિલ્લાઈના આ દાવા બાદ ખળભળાટ મચી ગયો છે. બીજી બાજુ ચિદમ્બરમે કહ્યુ છે કે એશરતના એફિડેવિટ માટે પિલ્લાઈ પણ જવાબદાર છે. પૂર્વ પ્રધાન ચિદમ્બરમે કહ્યુ છે કે એફિડેવિટમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. ચિદમ્બરમે કબુલાત કર્યા બાદ ફાઈલોંમાં ફરી તપાસ કરવાનો કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

ચિદમ્બરમે કહ્યુ છે કે તેઓ ફાઈલમાં ફેરફાર કરવા માટેની જવાબદારી સ્વાકારે છે. પરંતુ સાથે સાથે તેમણે કહ્યુ છે કે એફિડેવિટમાં ફેરફાર કરવા માટે તેમની સાથે પિલ્લાઈ પણ એટલા જ જવાબદાર છે. ચિદમ્બરમે કબુલાત કરી છે કે પ્રથમ એફિડેવિટ સ્પષ્ટ નહી હોવાના કારણે બીજી એફિડેવિટ દાખલ કરવાની ફરજ પડી હતી. ચિદમ્બરમે આ બાબત પર નિરાશા વ્યક્ત કરી હતી કે પિલ્લાઈ પોતે આ મામલાથી હવે દુર થવાના પ્રયાસ કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભામાં ભારે હોબાળો

**ગૃહ શાબ્દિક સમરાંગણમાં ફેરવાઇ ગયું : નીતિનભાઈ તમે મહિલાને હેરાન કરવાની સોપારી લીધી છે તેવા આરોપોની સામે નીતિનભાઈનો જવાબ : આક્ષેપબાજી**

અમદાવાદ, તા.૧

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે દહેગામના કોંગ્રેસના



ધારાસભ્ય કામીનીબા રાઠોડ અને નીતિનભાઈ પટેલ વચ્ચે શાબ્દિક બોલાચાલી થઈ હતી,ત્યાર પછી આ બોલાચાલી એટલી હદે ઉગ્ર થઈ ગઈ હતી કે, સ્પીકરને ગૃહને મુલત્વી રાખવાની ફરજ પડી હતી. દહેગામના કામીનીબા રાઠોડે ગૃહમાં નિતીનભાઈ પટેલ પર સિધુ નિશાન તાકતા કહ્યું હતું કે, નિતીનભાઈએ મહિલાઓને હેરાન કરવાની સોપારી લીધી છે કે કેમ આ ઉપરાંત કામીનીબાએ વિપક્ષી ભૂમિકા ભજવતા દારૂ અંગે પણ શાબ્દીક ઝાટકણી કાઢી હતી. નીતિનભાઈએ સામે જવાબ આપતા કામીનીબાને કહ્યું કે, તમે રહેવા દો તમારા ઘરમાં શું ચાલે છે. દહેગામમાં તમે શું કરો છો, તે બધુ આ ગૃહમાં કહીશ તો ઘરની બહાર પણ નહીં નીકળી શકો કોંગ્રેસ દ્વારા વિરોધ વ્યક્ત કરાતા માફી માંગે, માફી માંગે, નીતિન પટેલ માફી માંગે અને મહિલાઓનું અપમાન બંધ કરો એવો સુત્રોચાર કર્યા હતા અને કહ્યું હતું કે, મહિલા સશક્તિકરણની વાતો કરનાર ભાજપ સરકાર મહિલાઓનું અપમાન કરવાનું બંધ કરે. ત્યાર બાદ સ્પીકરથી પણ પરિસ્થિતિ કંન્ટ્રોલ ન થતાં ગૃહને મુલત્વી રાખવાની ફરજ પડી હતી. બનાવને પગલે વિધાન સભાગૃહ એક શાબ્દીક યુદ્ધનું મેદાન બની ગયું હતું. આ સ્થિતિના સર્જનથી કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ભારે પ્રહારો થયા હતા. આ અગાઉ વિધાનસભાની સવારની બેઠકમાં રાજયપાલના આભાર પ્રસ્તાવનો અંતિમ દિવસ હતો. સવારની બેઠકના પ્રારંભે પૂર્વમંત્રી નરોત્તમભાઈ પટેલે વર્તમાન સરકારની કામગીરી બદલ પ્રસ્તતિ કરી હતી. તો કોંગ્રેસના જામનગરના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે અનામત આંદોલન કરનાર પાટીદાર સમાજનું નામ લેતા ગૃહનું વાતાવરણ ગરમાયું હતું. ગુજરાત વિધાનસભાની સવારની બેઠકનો પ્રારંભ કોંગ્રેસના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે પોતાના આકરાતેવર દેખાડતા ટ્રેઝરીબેંચ અને વિપક્ષના સભ્યો સામ સામે આવી ગયા હતા. રાઘવજીભાઈએ તેમના ઉદબોધનમાં

● અનુસંધાન પાન-૭ પર

# લોકશાહીમાં વિરોધ પક્ષનું પણ એટલું જ મહત્વ છે : શંકરસિંહ વાઘેલા

**ભાજપ સરકાર મહિલાઓને તક આપતી નથી : અપમાનજનક શબ્દનો ઉપયોગ કરી વિરોધ પક્ષના મહિલા ધારાસભ્યોના અવાજને રુંધવા માટે પ્રયાસો થઇ રહ્યા છે**

અમદાવાદ, તા.૧

આજરોજ વિધાનસભામાં દહેગામ મતવિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય કામીનીબા રાઠોડ માનનીય રાજયપાલના આભાર પ્રસ્તાવ પર પ્રવચન કરી રહ્યા હતા. ત્યારે રાજય સરકારના સિનિયર મંત્રી નીતિનભાઈ પટેલે સભ્ય માટે અંગત ટિપ્પણી કરી હતી. તે બાબતે આકરી પ્રતિક્રિયા આપતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, આજે કામીનીબા રાઠોડની જેમ જ ગઈકાલે કોંગ્રેસ પક્ષના આદિવાસી મહિલા ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા માટે પણ વાંધાજનક શબ્દપ્રયોગ થયેલ. સ્ત્રી સશક્તિકરણનો દાવો કરતી અને મહિલા મુખ્યમંત્રીની આગેવાનીવાળી ભાજપ સરકાર વિરોધપક્ષના મહિલા સભ્યઓને બોલવા જ ન દે અને તેમના માટે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરે એ વ્યાજબી નથી. લોકશાહીમાં સરકારની સાથે સાથે વિરોધપક્ષનું પણ એટલું જ મહત્વ છે અને તેનું નામ જળવાવું જોઈએ. અપમાનજનક શબ્દોનો પ્રયોગો કરી વિરોધપક્ષના મહિલા ધારાસભ્યોના અવાજને રૂંધવાનો પ્રયત્ન સરકાર દ્વારા થાય તે કોઈપણ હિસાબે સાંખી શકાય તેમ નથી.

આ જ રીતે વિરોધપક્ષને ચર્ચા માટે મળતા સમયમાં કાપ મુકવાની બિન લોકશાહી પ્રક્રિયા ભાજપ સરકાર કરી રહી છે. ટ્રેઝરી બેન્ચના સિનિયર મંત્રી નીતિનભાઈ આવી પ્રવૃત્તિ કરતા રોકવા જોઈએ. વાઘેલાએ જણાવ્યું હતું કે, જેલ ભેગા કરેલા પાટીદાર સમાજના આગેવાનોને હજુ પણ બહાર કઢાયા નથી. આ સરકારે જાહેર કર્યા વગર કટોકટી જેવી પરિસ્થિતિ રાજયમાં ઉભી કરી છે.


